# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

*****************************************************

1) અંગોલાના રાષ્ટ્રપતિ લોરેન્સોએ કહ્યું છે કે, ભારત અને અંગોલા તેમના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છે
2) વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી
3) "ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૫" આજથી બિહારના પટનામાં ભવ્ય સમારોહ સાથે શરૂ થયો
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સરકાર સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે
5) DRDO એ મધ્યપ્રદેશના શ્યોપુર પરીક્ષણ સ્થળ પરથી સ્ટ્રેટોસ્ફેરિક એરશીપ પ્લેટફોર્મનું પ્રથમ સફળ પરીક્ષણ કર્યું
6) ભારતનું પ્રથમ વિશ્વ દ્રશ્ય-શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નું આજે સમાપન થયું

.......................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

**(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)**

# ANGOLA PRESIDENT

અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ મેન્યુઅલ ગોનજાલ્વેસ લોરેન્સોએ કહ્યું છે કે ભારત અને અંગોલા તેમના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આજે નવી દિલ્હીમાં ભારત-અંગોલા બિઝનેસ ફોરમમાં બોલતા, તેમણે કહ્યું કે ભારત જેનરિક દવાઓમાં નિષ્ણાંત અને એક મુખ્ય ભાગીદાર છે.

વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે, ભારત-અંગોલા દ્વિપક્ષીય સંબંધો ભાગીદારી પર આધારિત છે. તેમણે કહ્યું કે 2023-24માં બંને દેશો વચ્ચેનો વેપાર 4 અરબ 20 કરોડ ડોલર સુધી પહોંચ્યો છે.

શ્રી કીર્તિ વર્ધનએ કહ્યું કે ભારતે સંરક્ષણ અને સુરક્ષા સહયોગને વધુ મજબૂત બનાવવા માટે અંગોલાને 20 કરોડ ડોલરની લોનની મંજૂરી આપી છે.

.......................

# PM - CHIEF OF THE AIR FORCE

વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવની સ્થિતિમાં આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# DEFENCE MINISTERS MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે નવી દિલ્હીમાં જાપાનના સંરક્ષણ મંત્રી જનરલ નાકાતાની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ બેઠક દરમિયાન બંને પક્ષો વર્તમાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે અને બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરશે. ભારત અને જાપાન વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા છે અને 2014માં સ્પેશિયલ સ્ટ્રેટેજિક અને ગ્લોબલ પાર્ટનરશિપ પછી તે વધુ વિકસી છે.

બંને દેશો વચ્ચેના સંબંધોના મહત્વપૂર્ણ આધારસ્તંભ સંરક્ષણ અને સુરક્ષા છે. ગયા વર્ષે નવેમ્બરમાં આસિયાન સંગઠનનાં સંરક્ષણ મંત્રીઓની બેઠક પ્રસંગે બંને દેશોના સંરક્ષણ મંત્રીઓની બેઠક પછી આ બીજી બેઠક છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# KHELO INDIA GAMES

૧૮ વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓ માટે મેગા સ્પોર્ટ્સ ઇવેન્ટ "ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૫" આજે સાંજે બિહારના પટનામાં એક રંગીન અને ભવ્ય સમારોહ સાથે શરૂ થયો. મુખ્યમંત્રી નીતિશ કુમાર અને કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા તેનું ઉદ્ઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વીડિયો સંદેશના માધ્યમથી સહભાગીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, "દેશભરમાંથી એકઠા થયેલા ઉત્કૃષ્ટ ખેલાડીઓને અમે અભિનંદન આપીએ છીએ. બિહારના વિવિધ શહેરોમાં અનેક સ્પર્ધાઓ યોજાશે, જ્યાં 6,000 થી વધુ રમતવીરો આ પવિત્ર ભૂમિ પર ધ્વજ ફરકાવશે. હું બધા સહભાગીઓને મારી શુભકામનાઓ પાઠવું છું."

.......................

# SHAH SANSKRIT PROGRAMME

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે દિલ્હી યુનિવર્સિટીના નોર્થ કેમ્પસ સ્ટેડિયમ ખાતે આયોજિત સંસ્કૃત ભારતીના 1008મા સંસ્કૃત સંભાષણા શિબિરના સમાપન સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા, શ્રી શાહે ભાર મૂક્યો હતો કે લોકોએ સંસ્કૃત શીખવાની અને તેનો અભ્યાસ કરવાની જરૂર છે કારણ કે ભારતનું તમામ જ્ઞાન સંસ્કૃતમાં છે. તેમણે કહ્યું કે સંસ્કૃત ભાષા વિશ્વને તેની સમસ્યાઓના ઉકેલ શોધવા માટે માર્ગદર્શન આપી શકે છે. સંસ્કૃત ભાષા મોટાભાગની ભાષાઓની જનની છે અને સરકાર દેશમાં સંસ્કૃતને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે.

(બાઈટ - અમિત શાહ)

આ પ્રસંગે મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે, સંસ્કૃત માત્ર એક ભાષા નથી પરંતુ સનાતન પરંપરા, દર્શન, વિજ્ઞાન, યોગ અને આધ્યાત્મિકતાની જીવંત અભિવ્યક્તિ છે. સંસ્કૃત એક વૈજ્ઞાનિક ભાષા છે અને દિલ્હી સરકાર તેના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે વિશેષ અનુદાન પણ આપે છે.

........................

# ICAR-RICE

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંમમેલન - ICAR દ્વારા વિકસિત ભારતની પ્રથમ બે જીનોમ ઉન્નત ચોખાની જાતોનું વિમોચન કર્યું. કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે આજનો દિવસ ભારત માટે ઐતિહાસિક છે.

તેમણે કહ્યું કે, આ જાતો દેશમાં ચોખાનું ઉત્પાદન વધારશે અને ઉત્પાદન ખર્ચ ઘટાડશે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા કૃષિ વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા અને કહ્યું કે દેશને કૃષિ વૈજ્ઞાનિકોની ક્ષમતામાં વિશ્વાસ છે. ICAR એ પોતાના સંશોધનને સીધા ખેડૂતો સુધી લઈ જવું પડશે. આ સંશોધન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત માટેના સંકલ્પમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ સાબિત થશે.

(બાઈટ - કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ)

.......................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

# IPL

IPL ક્રિકેટમાં, કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સને 1 રને હરાવ્યું. 207 રનના લક્ષ્યાંક સામે રાજસ્થાનની ટીમે 20 ઓવરમાં 205 રન બનાવી શકતા તેનો પરાજય થયો હતો. જ્યારે અન્ય એક મેચ હિમાચલ પ્રદેશના ધર્મશાલા ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ રહી છે. લખનૌએ ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે. છેલ્લા સમાચાર મુજબ પંજાબ કિંગ્સે 5 ઓવરમાં 2 વિકેટે 56 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# DRDO AIRSHIP

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન - DRDO એ ગઈકાલે મધ્યપ્રદેશના શ્યોપુર પરીક્ષણ સ્થળ પરથી સ્ટ્રેટોસ્ફેરિક એરશીપ પ્લેટફોર્મનું પ્રથમ સફળ પરીક્ષણ કર્યું. આ એરશીપને લગભગ 17 કિમીની ઊંચાઈએ ઇન્સ્ટ્રુમેન્ટલ પેલોડ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. તે ઉત્તર પ્રદેશના આગ્રામાં એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણ માટે સંસ્થાને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે, આ પ્રણાલી ભારતની પૃથ્વી નિરીક્ષણ અને ગુપ્તચર, દેખરેખ અને જાસૂસી ક્ષમતાઓને અનેકગણી વધારશે. આ એરશીપ સાથે, ભારત સ્વદેશી ક્ષમતા ધરાવતા વિશ્વના પસંદગીના દેશોમાં જોડાયું છે.

.......................

# WAVES SUMMIT - CONCLUDED

ભારતનું પ્રથમ વિશ્વ દ્રશ્ય-શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નું આજે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સમાપન થયું. ગુરુવારથી શરૂ થયેલી ચાર દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ કર્યું હતું. સંમેલનમાં 90 થી વધુ દેશોએ ભાગ લીધો હતો, જેમાં 10 હજારથી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

આ સંમેલનમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગના પ્રભાવશાળી વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મીડિયા અને મનોરંજનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા, મીડિયાનું વૈશ્વિકરણ, સામગ્રી નિર્માણનું ભવિષ્ય અને ઉભરતી ટેકનોલોજીનો પ્રભાવ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી. WAVES બજારમાં દેશભરના સર્જકો અને ફિલ્મ નિર્માતાઓ સાથે 1 હજાર ત્રણસો કરોડ રૂપિયાથી વધુના વ્યવસાયિક સોદા કરવામાં આવ્યા હતા.

સંમેલન દરમિયાન, ગ્લોબલ મીડિયા ડાયલોગમાં 77 દેશોના પ્રતિનિધિઓએ WAVES ઘોષણાપત્ર જાહેર કર્યું હતું. ચાર દિવસીય સંમેલન દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

.......................

# WAVES JAJU

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ કહ્યું કે, વેવ્સમાં ભાગ લેનાર દરેક સંગીતકાર એક સારા કલાકાર તરીકે ઉભરી રહ્યો છે. તેઓ આજે મુંબઈમાં વેવ્સ દરમિયાન આયોજિત સાંસ્કૃતિક સત્રને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી જાજુએ જણાવ્યું હતું કે ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ-સીઆઈસીમાં ભાગ લેનારા તમામ સંગીતકારોએ તેમના પ્રદર્શન દ્વારા ભારતના સારને પ્રદર્શિત કર્યું છે. તેમણે કહ્યું કે સરકાર ભવિષ્યના આંતરરાષ્ટ્રીય પ્રવાસો અને પ્રદર્શન માટે સીઆઈસીના તમામ વિજેતા સંગીતકારોને જોડશે.

(બાઈટ - સચિવ સંજય જાજુ)

.......................

# MANDAVIYA CYCELING

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે સવારે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' પહેલના ભાગ રૂપે - શિક્ષકો સાથે સાયકલિંગ' નામના એક ખાસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમને સંબોધતા શ્રી માંડવિયાએ કહ્યું કે, શિક્ષકો વિદ્યાર્થીઓ માટે હીરો જેવા છે. સાયકલિંગને ફેશનેબલ બનાવવાની ક્ષમતા ધરાવતા હોવાથી, તેઓ હવે વિકસિત ભારત માટે હીરો બની શકે છે. તેમણે બધા શિક્ષકોને સાયકલનો ઉપયોગ કરવા અને વિદ્યાર્થીઓને પણ તેને અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી કરી.

(બાઈટ - ડૉ. મનસુખ માંડવિયા)

.......................

# INDIA LOSE SRILANKA

શ્રીલંકાએ મહિલાઓની એક દિવસીય ક્રિકેટ મેચમાં ભારતને 3 વિકેટે હરાવ્યું. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં શ્રીલંકાએ 275 રનના લક્ષ્યાંક સામે સાત વિકેટ ગુમાવીને 278 રન બનાવતા તેનો વિજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતાં ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 275 રન બનાવ્યા હતા.જેમાં રિચા ઘોષે સૌથી વધુ 58 રનનું યોગદાન આપ્યું હતું.

.......................

# AIRINDIA ISRAEL

ઇઝરાયેલનાં શહેર તેલ અવીવમાં વિમાની મથક નજીક થયેલા મિસાઇલ હુમલા વચ્ચે, એર ઇન્ડિયાએ જાહેરાત કરી છે કે તેલ અવીવ જતી અને આવતી તેની બધી ફ્લાઇટ્સ મંગળવાર સુધી મોકૂફ રાખવામાં આવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, કહ્યું છે કે મુસાફરો અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

.......................